ગાંધીનગર સમાચાર

**શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુક્તી માટેની બેઠકની કાર્યવાહી પણ રદ કરાઈ**

# જિલ્લાના ૨૨ ગામોને મહેસુલી ગામનો દરજ્જો નથી અપાયો

## મહેસુલી ગામ તરીકે મળતી ગ્રાન્ટો પંચાયતોના વિભાજન પછી પંચાયતી ગામોને મળે તે માટે અભ્યાસ કરાશે : નિતીન પટેલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં અલગ રેવન્યુ વિલેજનો દરજ્જો આપવા બાબતે કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ વિભાગના ઈન્ચાર્જ મંત્રી શ્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ સંતોષતી હોય તેવી એક પણ ગ્રામ પંચાયતને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવાની બાબત બાકી નથી.

કોંગીના કામિનીબા રાઠોડે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે દહેગામ તાલુકામાં ૧૦ ગામ એવા છે જેને રેવન્યુ વિલેજનો દરજ્જો અલગ ના મળવાને કારણે સરકારશ્રી દ્વારા વસ્તીના ધોરણે ફાળવવામાં આવતી ગ્રાન્ટ, ૧૩મુ અને ૧૪મુ નાણાંપંચના લાભ એને મળતાં નથી. આ માટે સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં દરજ્જો મળ્યો નથી તેમજ જિલ્લામાં આવા કેટલા ગામ છે જેને રેવન્યુ વિલેજનો દરજ્જો મળેલ નથી.

ઈન્ચાર્જ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે મોટા ગામ હોય એટલે અલગ પડે એટલે એને પંચાયત આપવાની પ્રથા આપણે ત્યાં વર્ષોથી છે. પરંતુ એ ગ્રામ પંચાયત બન્યા પછી પણ એને રેવન્યુ વિલેજ તરીકે જાહેર કરવુ તે અલગ પ્રક્રિયા છે. ગાંધીનગર જિલ્લામાં હાલ ૨૨ ગ્રામ પંચાયતો એવી છે કે જે ગ્રામ પંચાયત જાહેર થઈ ચુકી છે. પંચાયત તરીકેના અધિકાર અને સત્તાનો ઉપયોગ કરે છે પરંતુ આ ૨૨ ગામોને હજુ રેવન્યુ વિલેજ તરીકે જાહેર કરવામાં આવ્યા નથી.

તેમણે કહ્યું કે ગ્રામ પંચાયતમાંથી રેવન્યુ વિલેજ જાહેર કરવુ એના માટે નિયમો છે. તે નિયમોની બધી પ્રક્રિયા, નોર્મ્સ પૂર્ણ થાય એ પછી રાજ્ય સરકારને યોગ્ય લાગે તો રેવન્યુ વિલેજ જાહેર કરવાની પ્રક્રિયા પૂર્ણ થાય છે. અત્યારે ગાંધીનગર જિલ્લામાં જે જે ગામો નોર્મ્સ પ્રમાણે છે એમણે માગણી કરી હોય અને એ પ્રક્રિયા પૂર્ણ થઈ જાય પછી સરકારમાં જિલ્લા કલેક્ટર શ્રુ દરખાસ્ત આવે તો રાજ્ય સરકાર સમગ્ર નીતિના આધારે રેવન્યુ વિલેજ જાહેર કરે છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે મહેસુલી ગામ અથવા અલગ ગ્રામ પંચાયત બનાવવાની હોય તો જે ગામ મૂળ ગામમાંથી એનો ઠરાવ, સંમતિ ઠરાવ એવી રીતે રેવન્યુ વિલેજ બનાવવુ હોય તો બન્ને ગામની માગણી કરતો સંમતિ ઠરાવ, જિલ્લા પંચાયત તરફથી મંજૂરી આપવા માટેનો સંમતિ ઠરાવ અને ધારાસભ્ય તથા સાંસદ બન્નેની મંજૂરી આપવા માટેની ભલામણ હાલની પ્રક્રિયા હેઠળ કરવુ પડે છે. એ પછી પણ વસ્તી તેમજ અન્ય નિયમો જે છે એના આધારે સરકારને યોગ્ય લાગે તો રેવન્યુ વિલેજ જાહેર કરે છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

ધારાસભ્યશ્રી ધારશીભાઈ ખાનપુરાના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે વસતી વધતી જાય, જરૂરિયાત વધતી જાય, પેટા પરા, પેટા ગામ અને પંચાયત વિભાગ તરફથી ગ્રામ પંચાયત તરફથી મંજૂરી મળે પણ જે નવુ ગામ બન્યુ હોય એ જો રેવન્યુ વિલેજ જાહેર ના થયુ હોય તો એને સરકારની જે ગ્રાન્ટો વગેરે અથવા તો એ ગામને એન.એ. થવાની જે સરકાર તરફથી ગ્રાન્ટ મળતી હોય, આવક થતી હોય અથવા સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળ જે લાભો મળવા જોઈએ તે મૂળ ગામને જાય છે.

તેમણે કહ્યુ કે મૂળગામ અને રેવન્યુ વિલેજ એ એકજ હોય, બાજુનુ ગામ પંચાયત મૂળ ગામથી છુટુ પડ્યુ હોય પણ રેવન્યુ વિલેજ તરીકે જાહેર ન થયુ હોય તો એને આવી પ્રકારની ગ્રાન્ટો મળતી નથી. મૂળ ગામને બધીજ ગ્રાન્ટ મળે છે. આ બાબત સરકારના ધ્યાન પર આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં આવતીકાલે વિરાટ ખેડૂત સંમેલન

## મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ સહિતના નેતાઓ સંમેલનમાં હાજરી આપશે : ખેડૂત હિતના નિર્ણયોની વાતો થશે

ગાંધીનગર, તા. ૧૬

૧૮મી માર્ચને શુક્રવારના રોજ ગાંધીનગર સે. ૧૧ના રામકથા મેદાનમાં વિરાટ ખેડૂત સંમેલન ભારતીય જનતા પક્ષ દ્વારા યોજવામાં આવેલ છે.

આ વિરાટ ખેડૂત સંમેલનમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા અને મહેસાણાના ૫૦ હજારથી વધુ ખેડૂતો હાજરી આપનાર છે. આ માટેની તડામાર તૈયારીઓ ભાજપ દ્વારા આરંભી દેવામાં આવી છે.

આ ખેડૂત સંમેલનમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રમુખ શ્રી વિજયભાઈ રૂપાણી તથા પક્ષના કિસાન મોરચાના આગેવાનો હાજર રહેનાર છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં બજેટમાં કરાયેલી જોગવાઈઓ તેમજ ખેડૂતો માટેની નવી પાક-વિમા યોજના સહિતના મુદ્દાઓની જાણકારી સાથે રાજ્ય સરકારે કરેલા મહત્વના નિર્ણયોની પણ જાણકારી આપવામાં આવશે.

સવારે ૧૦ વાગે આ ખેડૂત સંમેલનનો પ્રારંભ થશે. ગાંધીનગરમાં ઘણા લાંબા સમયગાળા બાદ આવુ ખેડૂત સંમેલન યોજાઈ રહ્યું છે. ગાંધીનગરથી શરૂ થતા આ ખેડૂત સંમેલનોનો દોર પછી જિલ્લાકક્ષાએ પણ યોજવામાં આવશે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી પાંચ હજાર જેટલા ખેડૂતો ભાગ લેશે તેમ ભાજપના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ સંમેલનમાં રાજયમંત્રીમંડળના સભ્યો પણ હાજરી આપશે.



સિવિલની બિસ્માર દિવાલો - આ તસવીરો રાજ્યના કોઈ દૂરના શહેરો કે ગામના દવાખાનાની નથી... આ તસવીર રાજ્યના પાટનગર ગાંધીનગરની અદ્યતન બની રહેલ સિવિલ હોસ્પિટલની દિવાલોની છે... આધુનિકરણ આવકાર્ય છે... અતિ આધુનિકરણ થવું જોઈએ... પરંતુ જે જુનું છે તેની કાળજી જ નહિ લેવાની એ કેવી રીતે ચલાવી લેવાય... હજારો દર્દીઓની આવનજાવન વાળી સિવિલ હોસ્પિટલની દિવાલો મરવાના વાંકે જીવે છે... નવી દિવાલો ન થાય તો કાંઈ નહિ, જુની દિવાલોનું દુરસ્તીકરણ તાકિદે કરવું જોઈએ... **(તસવીર : દિપક જાની)**

# ધોરણ-૧૨ જીવવિજ્ઞાનનુ પેપર સરળ : વિદ્યાર્થીઓ સ્કોર કરી શકશે

## પેપરમાં પાઠયપુસ્તકમાંથી બેઠા પ્રશ્નો પુછાયા આકૃતિના પ્રશ્નોનુ પ્રમાણ ઓછુ

ગાંધીનગર તા ૧૬

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજીનુ પેપર સરળ અન પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને નિરાંત થઈ હતી.એમ સી ક્યુ તેમજ થિયરીના પ્રશ્નો પણ સરળ હતા.મોટાભાગના પ્રશ્નો પાઠયપુસ્તકમાંથી બેઠા જ પુછવામાં આવ્યા હતા. જિલ્લામાંથી ૭૫ વિદ્યાર્થીઓ બાયોલોજીની પરિક્ષામાં ગેરહાજર રહયા હતા.

ધોરણ-૧૨ માં આજે જીવવિજ્ઞાન વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. ડો અજયસિંહ રાજપુતે આ અંગે જણાંવ્યુ હતુ કે બાયોલોજીનુ પેપર પ્રમાણમાં એકદમ સરળ હતુ જયારે થિયરીના પ્રશ્નોમાં પણ એક જ આકૃતિ પુછાતા વિદ્યાર્થીઓ સમય મર્યાદામાં પેપર પુરુ કરી શકયા હતા. જયારે ભાગ અ માં ૬ એમ સી ક્યુ આકૃતિ આધારિત પુછાયા હતા. અલબત્ત વિદ્યાર્થીઓ સ્કોર કરી

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૦માં અંગ્રેજીનુ પેપર એકંદરે સહેલુ

## પોલીસમેન અંગે નિબંધ પુછાયો : પાઠયપુસ્તક આધારિત પેપરમાં સમાનાર્થી શબ્દોએ વિદ્યાર્થીઓને ગુંચવ્યા

ગાંધીનગર તા ૧૬

ધોરણ-૧૦ માં આજે અંગ્રેજી વિષયનુ પેપર પ્રમાણમાં એકંદરે સરળ હતુ જેમાં પોલીસમેન તેમજ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત અંગે નિબંધ પુછાયો હતો. જિલ્લામાંથી ૨૪૭૯૫ એ અંગ્રેજીની પરિક્ષા આપી હતી જયારે ૪૯૬ ગેરહાજર રહયા હતા.

ધોરણ -૧૦માં આજે અંગ્રેજીનુ પેપર પ્રમાણમાં સરળ નિકળતા

● અનુસંધાન પાન-૭ પર

# યુએસનું ઉચ્ચકક્ષાનું બિઝનેસ પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રીની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે યુ.એસ.ના ઈકોનોમિક અને બિઝનેસ અફેર્સના આસિસ્ટન્ટ સેક્રેટરી (સ્ટેટ) શ્રીયુત ચાર્લ્સ રીવકીનના નેતૃત્વમાં યુનાઈટેડ સ્ટેટસ ઈન્ડીયા બિઝનેસ કાઉન્સીલના પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાતમાં તેમણે ગુજરાતે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં જે અગ્રેસરતા પ્રસ્થાપિત કરી છે તથા શ્રેષ્ઠ રોકાણ પસંદગી સ્થળ બન્યું છે તેની સફળતા વિશે જાણવામાં ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ ડેલિગેશન સાથેની બેઠકની ચર્ચા દરમ્યાન જણાવ્યું કે, ગુજરાતમાં ઔદ્યોગિક મૈત્રીપૂર્ણ વાતાવરણ છે એટલું જ નહિ, પાણી, રસ્તા, પોર્ટ કનેક્ટીવિટી, ઈન્ફ્રાસ્ટર્કચર તથા ૧૬૦૦ કિ.મી.નો વ્યૂહાત્મક સમુદ્ર કિનારો પણ વૈશ્વિક વેપારનું કેન્દ્ર છે.

તેમણે ઉમેર્યુ કે ગુજરાતે ઉદ્યોગોને સરળતા અને પ્રોત્સાહન હેતુ સોલાર પાવર પોલિસી, ઈન્ડસ્ટ્રીયલ પોલીસી, આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ પોલીસી બનાવીને અમલ પણ શરૂ કર્યો છે.

પર્યાવરણનીય જાળવણી અને ગ્રીન કલીન એનર્જીને અગ્રીમતા આપતાં ગુજરાતે રિન્યુએબલ એનર્જી ખાસ કરીને સૌર ઊર્જા ઉત્પાદન પર વિશેષ ફોકસ કર્યુ છે તેમ પણ શ્રીમતી આનંદીબહેને જણાવ્યું હતું.

શ્રીમતી આનંદીબહેને આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭માં સહભાગી થવાનું આ ડેલિગેશન અને શ્રીયુત ચાર્લ્સ રિવકીનને ઈજન પાઠવ્યું હતું.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં રોકાણો માટે ઉદ્યોગ સંસ્થાપન માટે આવતા અન્ય રાષ્ટ્રોના રોકાણકારોને શ્રેષ્ઠત્તમ આંતરમાળખાકીય સુવિધા પુરી પાડવાની અમારી નેમ છે.

## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **ધીરજલાલ હાકેમચંદ વેદ** (નિવૃત્ત નાયબ સચિવ, આરોગ્ય અને પ.ક.વિભાગ) તા. ૧૩/૩/૨૦૧૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૭/૩/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭/સી, ગાંધીનગર**

**લિ.**

**ઈન્દુબેન ધીરજલાલ વેદ**

| | |
|---|---|
| **વિજય ધીરજલાલ વેદ** | **સ્વ. ભાનુમતિ વિજય વેદ** |
| **સુરભી ધીરજલાલ વેદ** | **વર્ષા બિપીન સંપટ** |
| **ઉર્મિલ ધીરજલાલ વેદ** | **ગોપી ઉર્મિલ વેદ** |

**Gandhinagar District Co.op. Milk Producer's Union Ltd.**

Tender inviting for below mentioned materialsupply for Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd. The bidder should submit technical bid, tender fee and EMD cover separately. The Bidding shoul be done through https://dairy.nprocure.com or https://www.nprocure.com only. The right is reseved to Managing Director ro accept, reject of cancel the tender/offer.

| | | |
|---|---|---|
| 1. Purchase of aluminium can 40 ltr capacity with lid and only can lid (Tender id : 207172) | Last date of online submission-31-3-2016 | Physical submission of tender documents on 02/04/2016 |
| 2. Purchase of Goma make milk homogenizer, Capacity 10 Klph (Tender id : 207176) | | |

**Managing Director**
**Gandhionagar District Co.op. Milk Producer's Union Ltd.**
**Sector-25, "K" road, G.I.D.C. Electronic Estate, Gandhinagar-382023**

# દારૂબંધી નીતિના અમલ માટે સરકાર પૂર્ણ સક્રિય

અમદાવાદ, તા.૧૬

ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યું છે કે દારૂબંધી નિતીના અમલમાં સરકાર કોઈ બાંધછોડ કરશે નહીં અને કાયદાનો ભંગ કરનાર સામે કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે. બનાસંકાઠા જિલ્લામાં પકડાયેલા અંદાજે રૂ.૧૧ કરોડના દારૂ પોલીસની સક્રિયતાનું પરિણામ છે. મંત્રીએ આ અંતર્ગત કરાયેલ તાલુકાવાર કાર્યવાહીમાં પાસા અંતર્ગત પકડાયેલા કેસોની માહિતી આપી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશી દારૂ તેમજ પકડાયેલા દારૂના નાશ અંતર્ગત દાંતાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ પ્રશ્નોતરી કાળમાં ઉપસ્થિત કરેલા પ્રશ્નો જવાબ ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે સઘન કાર્યવાહી કરી રૂ.૧૧,૩૦,૨૩,૧૫૭ની કિંમતનો દારૂ બનાસકાંઠા જિલ્લામાંથી પકડવામાં આવ્યો છે.

# શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુક્તી માટેની બેઠકની કાર્યવાહી પણ રદ કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુક્તી માટે મળેલ પ્રથમ બેઠકની કાર્યવાહી રદ કરવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભિમજીયાણીએ કર્યો છે.

૨૯/૨ના રોજ મળેલ પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધ પર સભાના કાર્યકારી અધ્યક્ષશ્રીએ સહિ કરી ન હોવાથી પંચાયત એક્ટની જોગવાઈઓને આધિન ચેરમેનની નિયુક્તી માટેની બેઠકની કાર્યવાહી રદ જાહેર કરી છે.

બાંધકામ સમિતિ બાદ શિક્ષણ સમિતિની કાર્યવાહી રદ કરવાના જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિર્ણયને પગલે જિલ્લામાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે. બાંધકામ સમિતિના ચેમરેનશ્રીએ તો જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિર્ણય સામે રિવીઝન અરજી પંચાયત સચિવને કરી છે જેની સુનાવણી સંપન્ન થઈ ગઈ છે. ચુકાદાની રાહ તંત્ર જોઈ રહ્યું છે.

શિક્ષણ સમિતિની કાર્યવાહી રદ કરવાની સાથે આજે પુનઃ શિક્ષણ સમિતિની બેઠક ૨૯મી માર્ચે બોલાવવાનો નિર્ણય પણ કરી દેવાયો છે અને સમિતિના સભ્યોને આ અંગેની જાણ કરતા પત્રો પણ પાઠવી દેવામાં આવ્યા છે.

## ૨૯મીએ પુનઃ શિક્ષણ સમિતિની બેઠક મળશે જેમાં ચેરમેનની નિયુક્તી હાથ ધરાશે

બપોરે ૧ વાગે સરદાર હોલમાં શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુક્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દરમ્યાન ગઈકાલે હિંમતનગર ખાતે મળેલ બેઠકમાં પંચાયતના સદસ્યોએ બળવાખોરો સામે આકરા પગલાં લેવાની માંગણી કરી અને પ્રદેશ સમિતિએ થોભો અને રાહ જુઓના સંદેશ સાથે પગલાં લેવાશે જ તેવી હૈયાધારણ આપી હોવાનું કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં ૨/૩ કરતાં વધુ બહુમતિ સાથે સત્તાના સૂત્રો સંભાળનાર કોંગ્રેસમાં ત્રીજા તબક્કામાં ચેરમેનની નિયુક્તીના મામલે પાંચ જેટલા સભ્યોએ બળવો પોકાર્યો હતો. બે સમિતિઓમાં બળવો કરનારા પાંચેય સભ્યોને પ્રદેશની શિસ્ત સમિતિએ નોટીસ પણ પાઠવી છે. જેના પ્રત્યુત્તર પણ પ્રદેશ સમિતિને આપી દેવાયા છે જે હાલ પ્રદેશમાં વિચારાધીન છે.

જે બે સમિતિઓમાં બળવો થયો હતો તે બાંધકામ અને શિક્ષણ સમિતિના કાર્યકારી અધ્યક્ષોએ કાર્યવાહી નોંધ પર સહિ ના કરતાં બન્ને સમિતિઓની બેઠકની કાર્યવાહી રદ તંત્ર દ્વારા કરી દેવાતાં જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com